TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૨ સપ્ટેમ્બર-૨૦૧૩



ડૉ. ડી. પી. ચિખલીયા

## તંત્રી સ્થાનેથી....

આત્મીય સ્નેહી મિત્રો,

નમસ્કાર....

સત્ય કે અસત્ય ? સચ યા જુઠ ? શ્યામ કે શુભ્ર?

માનવ જાતની જયારથી ઉત્પતિ થઇ ત્યારથી આ પશ્નો મનમાં સતત ગુંજયા કરે છે. યુગપુરૂષ સ્વામિવિવેકાનંદ એવું કહે છે કે, 'હકિકત' એ છે કે જેને આપણે 'સત્ય' માની લઇએ છીએ, તે સત્ય એ છે કે જે આપણે આપણી માન્યતા પ્રમાણેનું છે. આપણી 'માન્યતા' આપણી ધારણાઓ મુજબ બધાની હોય છે. આપણી ધારણાઓ આપણી માન્યતા મુજબ બંધાય છે. આપણે તે જ મેળવી શકીએ છીએ જેની આપણે શોધમાં છીએ. આપણે તે વસ્તુ શોધવાનો પ્રયત્ન કરીએ છીએ જે આપણા મનમાં વિચારીએ છીએ, અને આપણે તે વિચારીએ છીએ જે આપણે અનુભવીએ છીએ. અને આપણે જે અનુભવીએ છીએ તે આપણે માનીએ છીએ. આપણે જે માનીએ છીએ તે નક્કી કરે છે કે સત્ય શુ છે? આપણે જેને સત્ય કહીએ છીએ તેજ હકીકત છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણું 'સત્ય' તે છે જે આપણે માનીએ છીએ.

છતાં પણ એક સરળ જીવન માટે એક તર્ક સંગત વિચાર માગી લે છે. જે આપણા અસંખ્ય પશ્નોનું સમાધાન કરે છે. શું આપણે ફકત આપણને કુદરતે આપેલ વિચાર શકિત પર આધારિત છીએ? જે કદાચ સંપૂર્ણ ન પણ હોય.

આમા વળી જો થોડું વૈજ્ઞાનિક રીતે વિચારી શકીએ તો, આપણને બીજો પ્રશ્ન થાય છે કે કુદરતી તર્ક સંગત વિચાર શકિત એટલે શું ?

તર્કસંગત કુદરતી વિચાર શકિત એટલે બીજુ કશું જ નહિં. પરંતુ સાચી અને સંપૂર્ણ વિચાર શકિત

તે શકિત એટલે આપણી યોગ્ય વિવેકબુધ્ધિ. જે આપણા મનમાં રહેલી સત્યની સમજ પર ચાલતી હોય છે. જેનાથી પ્રશ્નનું યોગ્ય નિરાકરણ લાવી શકાય.

જે પ્રક્રિયા ઘણીવાર 'જસ્ટીફીકેશન' કરતા જુદી હોય શકે. મનોચિકિત્સકો માને છે કે જયારે કોઇ માણસને કપરી જવાબદારી સોંપવામાં આવે છે ત્યારે તે માને છે કે આ અશકય કામ હું કરીશ.

દાખલા તરીકે અત્યારે આ સમયમાં કોઇ મીલીટરી જનરલ પોતે આ કાર્ય બરાબર નથી અથવા તો તે કરવું જોઇતુ હતું. આમ છતાં તે કરવા મજબુર બને છે, કારણ કે કદાચ માનવીય સંવેદનાઓ અને સિધ્ધાંતો સાથે સુસંગત નથી. છતા પણ તેણે કરવું પડે છે.

અત્યારના સમયની જરૂરીયાત નૈતિક મૂલ્યો જેવી મુંઝવણભરી પરિસ્થિતિમાં પણ રસ્તો બનાવી શકે છે. આવા સંજોગોમાં આપણી 'સીકસ્થ સેન્સ' ખરેખર સત્ય શું છ, તે શોધી આપે છે અને આપણને યોગ્ય રસ્તા પર દિવાદાંડીની જેમ પ્રકાશ પાડી શકે. અને તર્ક શકિત સ્ત્રીઓમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. એવું કહેવાય છે કે પુરૂષના તર્ક કરતાં સ્ત્રીની આ નૈસર્ગિક વિચારશકિત વધારે ભરોસાપાત્ર હોય છે. અને એટલા માટે જ સ્ત્રીઓની આ તીવ્ર પરખ શકિત કે 'સીકસ્થ સેન્સ' પ્રેમને સારી રીતે સમજી અને પારખી શકે છે. એ સંબંધોના ભવિષ્યને અગાઉથી જાણી શકે છે. અને માઇલો દુર પોતાના બાળકને કંઇપણ થતું હોય તો તેની સંવેદનાઓનો અહેસાસ થતો હોય છે. અરે માત્ર અવાજના રણકારથી જાણી લે છે કે સામેની વ્યકિત સાચુ બોલે છે કે જુઠું.

તેના માટે તો 'સ્પીચ' એક સંબંધ બાંધવા માટે અને નિભાવવા માટેનું જોરદાર સાધન છે. આ બધી પરખ શકિતના સહજ ગુણોને લીધે જ તે માતા બને છે – બહેન બને છે અને સમજદાર મિત્ર **'ભાવનાબેન'** બને છે.



TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૨ સપ્ટેમ્બર-૨૦૧૩

**મુદ્રક • માલિક • પ્રકાશક**

ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**

ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**

ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. વિકાસ રાઠોડ

**સંપાદક મંડળ**

અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**

પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**‘ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ’ માસિક પત્ર દ્વારા અમારો ઉદ્દેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

# લિવર (લેખાંક-૧)



Dr. Parag Patel
M.S.
Endoscopist & Laproscopy
Surgeon

લિવર શરીરની ફેક્ટરી છે. જીવન માટે જરૂરી સેંકડો કામો એ કરે છે. એ ખૂબ ખડતલ છે અને એના ઘણાખરા ભાગને નુકશાન થઇ ગયુ હોય તો પણ એ કામ કરી શકે છે. એ પોતાનુ સમારકામ જાતે જ કરી લે છે. અરે પોતાના મોટા ભાગનુ પુનઃસર્જન પણ કરી શકે છે.


**તમારા લિવરે જુદા જુદા ૫૦૦ કામો કરવાના હોય છે. મહત્વના કાર્યો આ પ્રમાણે છે.**

(૧) ચેપ અને રોગ સામે લડે છે. (૨) જુદાં જુદાં ઝેર અને માદક ઔષધોનો મુકાબલો કરે છે. અને એમનો નાશ કરે છે. (૩) લોહીની ગોળીને સાફ કરે છે. (૪) કોલેસ્ટેરોલને કાબુમાં રાખે છે. (૫) હૉર્મોન્સ બનાવે છે અને એમનુ સંતુલન કરે છે. (૬) શરીરમાં થતી ઘણીખરી રાસાયણીક પ્રતિક્રીયાઓ માટે જવાબદાર રસાયણો - એન્ઝાઇમો અને બીજા પ્રોટીન બનાવે છે. દા.ત.લોહી ગંઠાવા માટે અને પેશીઓને સમારવા માટે જરૂરી રસાયણો (૭) અન્ન પચી જાય તે પછી એના પર પ્રક્રિયા કરે છે. (૮) આંતરડા આહારનુ વિભાજન કરવા માટે પિત્ત ઉત્પન્ન કરે છે. (૯) શક્તિનો સંચન કરે છે. જેની સખત જરૂર હોય ત્યારે શરીર એનો ઝડપભેર ઉપયોગ કરી શકે છે. (૧૦) શર્કરા અને લોહતત્વ સહિતના ખનીજો અને વિટામીનનો સંચય કરે છે. (૧૧) નુક્શાન ઠીક કરે છે અને જાતે જ નવીનીકરણ પામે છે.

## • લિવરની બિમારી શી રીતે થાય છે. :-

લિવર બગડતા ઘણોસમય લાગે છે. લિવરના કોઇ પણ સોજોને હેપેટાઇટિસ Hepatitis કહે છે. એ વિષાણુજનિત હોય અથવા ન પણ હોય લિવર ઉપર ઓચિંતો સોજો ચડે તેને - એક્યૂટ હેપેટાઇટિસ- કહે છે. લિવરનો સોજો છ મહિના કરતા વધુ લાંબો વખત રહે તો તેને ક્રોનિક હેપેટાઇટિસ ( જીર્ણ હેપેટાઇટિસ) કહે છે.

સોજેલા લિવરમાં પેશી પર (Scar Tissue) જખમ થાય છે. એને ફાઇબ્રોસીસ કહે છે. ફાઇબ્રોસીસ (Fibrosis) ક્યારેક જલ્દી તો ક્યારેક ધીમે-ધીમે બને છે. જખમમાની પેશી હોય તો પણ લિવર બરાબર કામ કરતુ રહે છે. સોજાનો ઇલાજ કરવાથી લિવરને વધારે નુકશાન થતુ અટકે છે અને એવુ પણ બને કે અમુક અથવા બધા જખમમા મટી જાય.




આખા લિવરમાં જ્યા સોજો ચડેલો હોય અને ફાઇબ્રોસીસ ફેલાયુ હોય (જખમી પેશીઓ હોય) ત્યાં સીરોસીસ (Cirrhosis) થાય છે. એ લિવરના આકારને બગાડી નાખે છે. અને કામ કાજ ને ખોરવી નાખે છે. સીરોસીસને કારણે જખમો ચોતરફ ફેલાય છે, જેને અલ્ટ્રાસાઉન્ડ સ્કેનમાં પણ જોવાનુ શક્ય છે. આ તબ્બકે પણ દર્દીમાં લિવર રોગોના કોઇ ચિન્હો કે લક્ષણો જણાય નહિ એવુ બની શકે છે. લિવરના કોશોની કાર્ય ક્ષમતાને બહુ ખરાબ અસર થઇ હોય અને એ પોતાની જાતને સમારી ન શકે કે નવા કોષ ન બનાવી શકે ત્યાં કાયમી નુકશાન થાય છે.

કોસને કાયમી નુકશાન થાય તો એને કારણે લિવર કામ બંધ કરી દે અથવા કેન્સર થાય એવી શક્યતા છે. શરીરમાં જે કંઇ રસાયણો કે બગાડ પેદા થતો હોય છે. તેની સામે લીવરે કામ કરવાનુ હોય છે. પરંતુ લીવરને હવે એટલું બધુ નુકશાન થઇ ચુકયુ હોય છે કે આખુ શરીર નકામા પદાર્થોએ ફેલાવેલા ઝેરનું ધામ બની જાય છે. આ અવસ્થાને છેલ્લા તબક્કાની લીવરની બીમારી કહે છે. લીવરની બીમારીના છેલ્લા તબક્કામાં નકામા પદાર્થો ઘણા અંગોને અસર કરે છે. આને મલ્ટીપલ ઓર્ગન ફેલ્યર (એકી સાથે ઘણાં અંગોની નિષ્ફળતા) કહે છે. આના પછી મૃત્યુ થવાની સંભાવના રહે છે.

## • હેપેટાઇટિસ ઇ શું છે?

તમને હેપેટાઇટિસ થયો હોય તેનો અર્થ એ છેકે તમારા લીવર પર સોજો ચડયો છે. હેપેટાઇટીસના ઘણાં કારણો હોય છે, તેમાંથી કેટલાક નીચે જણાવ્યા છે.

• દારૂનું અતિશય સેવન(લીવરને થતા

નુકશાનનું સૌથી સામાન્ય કારણ)

• વાયરસનો ચેપ, જેમ કે હેપેટાઇટિસ A,B,C,D, અને E

• શરીરનું પોતાનું રોગ પ્રતિકારક તંત્ર-લીવરની આ બીમારીને ઓટો-ઇમ્યુન હેપેટાઇટિસ (રોગ પ્રતિકારક તંત્રે જાતે પેદા કરેલો હેપેટાઇટિસ)

• કેટલીક દવાઓ અને રસાયણોની આડઅસરો.

લીવરને ઘણી જાતના વાયરસનો ચેપ લાગે છે. આમા હેપેટાઇટિસ A,B,C,D, અને E સૌથી વધુ જાણીતા છે. આ વાયરસ જે રીતે એકથી બીજા સ્થાને પહોંચે છે. (ફેલાઇ કે બીજા માથે આવે), જે રીતે લીવરને નુકશાન કરે છે અને તમારા આરોગ્ય પર એની જે અસર થાય છે. તે બધુ જુદુ પડે છે. ક્રોનીક કે લાંબા ગાળાનો રોગ તો માત્ર હેપેટાઇટિસ B,C, અને D, દ્વારા થતો હોય છે.

હેપેટાઇટિસ B ને ક્યારેક હેપ B અથવા HBV પણ કહે છે. એ લોહીમાં રહે તેવું વાયરસ છે. અને એ લીવરમાં ચેપ ફેલાવીને એને નુકશાન કરે છે. વાયરસ એક સુક્ષ્મ કણ સમાન છે. જીવવા અને પ્રજનન (પ્રતિકૃતિ) માટે તમારા શરીરના કોસોને ચેપ લગાડીને એના પણ નિયંત્રણ મેળવવું એના માટે જરૂરી છે.

હેપેટાઇટિસ બી ખુબ જ ચેપી છે. - HIV કરતા એ સો ગણુ વધારે ચેપી છે. પરંતુ તમારામાં આ વાયરસ છે કે કેમ તે નક્કી કરવા માટે એક સાદી કસોટી છે. અને તમને એમના હુમલાથી બચાવે તેવી અસરકારક રસી પણ છે.

• હેપેટાઇટિસ B નો ઉપયોગ સૌથી વધારે ક્યાં છે?

હેપેટાઇટિસ B સૌથી વધારે ફેલાયેલો હેપેટાઇટિસનો પ્રકાર છે. અગ્નિ એશિયા મધ્ય અને દુરપુર્વ, દક્ષિણ યુરોપ અને આફ્રિકામાં એનો સૌથી વધારે ઉપદ્રવ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (વલ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) ના અંદાજ પ્રમાણે દુનિયાની ત્રીજા ભાગની વસ્તીને કોઇને કોઇ સમયે આનો ચેપ લાગ્યો છે. અને અત્યારે પણ આવા વખતથી ચેપ ભોગવતા ૩૫ કરોડ લોકો છે. યુરોપમાં દર વર્ષે ૧૦ લાખ લોકોને હેપેટાઇટિસ થવાનું અનુમાન છે.

યુનાઇટેડ કીંગડમમાં દર ૧૦૦૦ માંથી ૧ વ્યકિતમાં આ વાયરસ હોવાનું મનાય છે. કેટલાક શહેરી વિસ્તારોના અંદરના ભાગમાં જયાં આખી દુનિયામાંથી આવીને વસેલા લોકોની ટકાવારી ઉંચી હોય ત્યાં આ વાયરસ સામાન્યપણે મળી આવે છે. અને દર ૫૦ સગર્ભા સ્ત્રીઓ માંથી એકને આ ચેપ લાગેલ હોય તે શકય છે. (જો કે આ ચેપ સામાન્ય રીતે જન્મ સમયે બાળકમાં પહોંચે છે.)

**• હેપેટાઇટિસ B શી રીતે ફેલાય છે?**

-લોહી

હેપેટાઇટિસ B 'બ્લડ-બોર્ન વાયરસ) એટલે કે લોહીમાં વસતા વાયરસ તરીકે ઓળખાય છે. એક લોહી બીજા લોહીમાં સંસર્ગમાં આવે ત્યારે આ વાયરસ ફેલાય છે. લોહીમાં વાયરસનો સર્વોચ્ચ જથ્થો હાજર હોય છે. વાયરસવાળી વ્યકિતના લોહીનું એક ટીપુ પણ તમારા લોહીમાં ચેપ ફેલાવી શકે છે. કોઇ ખુલ્લા જખ્મ, કાપા, ઘસરકા માટે અથવા ચેપી સોય દ્વારા એ તમારામાં પહોંચી જાય છે.

**• જાતિય સંસર્ગ :**

ચેપી વ્યકિત સાથે કોન્ડમ વિના જાતિય સંસર્ગ કરવાથી પણ હેપેટાઇટિસ B એકમાંથી બીજી વ્યકિતમાં જાય છે. મૌખિક સેકસથી પણ વાયરસ ફેલાતો હોય છે. નાની વયની પુખ્ત વ્યકિતઓ સેકસમાં સક્રિય હોય પણ કોન્ડમ ન વાપરતી હોય તો એમને હેપેટાઇટિસ B નો ચેપ લાગવાનું ઘણું જોખમ છે.

**• શરીરમાં બીજા પ્રવાહી :**

હેપેટાઇટિસ B ને બ્લડ-બોર્ન વાયરસ ગણવમાં આવે છે. તેમ છતાં લાળ, વીર્ય અને યોનીના પ્રવાહીને લોહીનો ચેપ લાગ્યો હોય તો, એમાં પણ વાયરસ રહી શકે છે.

પરસેવા, આંસુ, માના દૂધ અને પેશાબમાં પણ નજીવા પ્રમાણમાં વાયરસ દેખાયા છે. પરંતુ આ પ્રવાહીઓને ચેપી ગણવામાં નથી આવતાં.

કેટલાક લોકો બીજાઓ કરતા વધારે જલ્દી હેપેટાઇટિસ બી બીજી વ્યકિતને આપી શકે છે. કારણ કે એમના લોહીના પ્રવાહીમાં વધારે વાયરસ હોય છે.

**• માતામાંથી બાળકને :**

સામાન્ય રીતે પ્રસુતિ દરમ્યાન માતામાંથી બાળકને હેપેટાઇટિસ B મળે છે. કારણ કે બાળક જન્મની નાળમાં માતાના લોહીના સંપર્કમાં આવે છે. સામાન્ય રીતે ગર્ભની અંદર (જન્મથી પહેલા) બાળકને ચેપ લાગતો નથી. જન્મ સમયે લાગતા ચેપને 'પેરિનેટલ ટ્રાન્સમિશન' (જન્મ સમયનું વહન) કહે છે. અને આખી દૂનિયામાં ચેપ ફેલાવાનો એ સર્વ સાધારણ રસ્તો છે. જન્મ સમયે જ બાળકને રસી આપવાનથી મોટા ભાગે ચેપને રોકી શકાય છે. ધાવણમાં બહુ થોડા પ્રમાણમાં વાયરસ રહેતું હોવાનું જણાયું છે. પરંતુ સ્તનપાનને કારણે ચેપ લાગવાનું જોખમ કેટલું, તે બરાબર જાણી શકાયું નથી. અને નવા જન્મેલા બાળકને રસી આપવાથી આવા ચેપને રોકી શકાય છે.

યુનાઇટેડ કીંગડમમાં એપ્રિલ ૨૦૦૦ના વર્ષથી બધી સગર્ભા સ્ત્રીઓની હેપેટાઇટિસ બી માટે ચકાસણી થવા લાગી છે. **ક્રમશઃ**

## માથામાં ઈજા થવાથી થતા મગજના હેમરેજ

એકસ્ટ્રાડયુરલ / સબડયુરલ બંન્ને હેમરેજ સાથે હોય તેવા કેશમાં મરણનુ પ્રમાણ ૨૦-૫૫% જેટલુ વધી જાય છે.

**• સારવાર :**

માત્ર દવાથી અથવા તો ઓપરેસન અને દવાઓથી સારવાર થઇ શકે છે.


• માત્ર દવાથી સારવાર કયારે થઇ શકે ? Conservative Treatment


- નાનુ હેમરેજ હોય જેની પહોળાઇ ૧ સેમીથી ઓછી હોય.
- જુની ઇજા ૩ અઠવાડીયા પહેલાની
- હેમરેજને કારણે મગજમાં કોઇ પણ પ્રકારનુ દબાણ ન હોય

• ઓપરેસન :- ઓપરેશનની જરૂરીયાત ક્યારે પડે ?

- હેમરેજ વોલ્યુમ ૩૦ સેમી થી વધારે
- મગજની સીફ્ટ ૫ મીમી થી વધારે
- કોમા સ્કેલ ૮ (GCS) કે તેથી વધારે
- હેમરેજ પહોળાઇ ૧૫ મીમી કે તેથી વધારે
- પોસ્ટેરીયર ફોસા હેમરેજ હોય

**ક્રમશઃ**





ડૉ. એમ. ડી. સાંગાણી

## માથામાં ઈજા થવાથી થતા મગજના હેમરેજ

માથામા વિવિધ પ્રકારની ઈજા થતી હોય છે. જેવી કે વાહન અકસ્માત, પડી જવાથી અકસ્માત, તેવીજ રીતે મારા મારી થવાથી વિવધ રીતે માથામાં પણ વિવિધ પ્રકારના હેમરેજ થઇ શકે છે. જેવા કે

(૧) એક્સ્ટ્રાડ્યુરલ હેમરેજ
(૨) સબડ્યુરલ હેમરેજ
(૩) સબએરાકનોઇડ હેમરેજ
(૪) ઈન્ટ્રાસેરેબ્રલ હેમરેજ

● Extradural Hemorthage

એક્સ્ટ્રાડ્યુરલ હેમરેજ સૌથી કોમન પ્રકારનુ હેમરેજ છે. જનરલી તેવા પ્રકારનું હેમરેજ કાર્યરત (Working Adult) લોકો જેઓની ઉમર ૨૦- ૪૦ વર્ષ હોય તેમાં જોવા મળે છે. અને બાળકો જેની ઉમર ૨ વર્ષથી ઓછી હોય અને વૃધ્ધો જેની ઉમર ૬૦વર્ષથી વધારે હોય તેમાં જવલ્લેજ જોવા મળે છે. એક્સ્ટ્રાડ્યુરલ હેમરેજમાં લોહીના સ્ત્રોત વિવિધ પ્રકારની મગજની લોહિની નસ જેવી કે મીડલ મેનીનજીયલ આર્ટીરી ડ્યુરલ સાઇનસ મિડલ મેનીનજીયલ વેઇન તથા કોર્ટીકલ વેઇન હોય છે. આવા પ્રકારનુ હેમરેજ ખોપરી અને મગજ વચ્ચે રહેલી જગ્યામાં જોવા મળે છે. ૫૦% કેશમાં હેમરજ અને ખોપરીનું ફેકચર સાથે હોય છે.

**● દર્દીના લક્ષણો અને ચીન્હો :**

આ પ્રકારના હેમરેજમાં દર્દીને ઈજા થયા બાદ તરતજ થોડા સમય માટે બેભાન થઇ જાય છે. અને ત્યાર બાદ ભાનમાં આવી જાય છે.અને વળી પાછો બેભાન અવસ્થામાં ચાલ્યો જાય છે. જેને - લ્યુસીડ ઈન્ટરવલ (Lucid Interval)- કહે છે. આ સાથે - સાથે દર્દીને માથાનો દુઃખાવો, વારંવાર ઉલ્ટી, વાય, આચકી આવે છે. જયારે હેમરેજ બહુ મોટું હોય ત્યારે ત્રણ નંબરની નસને દબાણ આવવાથી આખની કીકી પહોળી થઇ જાય છે. (PuPillary Dilatation) અને હેમરેજની વિરુધ્ધ સાઇડમાં હાથ-પગમાં નબળાઇ (Hemiparesis) આવવાની શરૂઆત થઇ જાય છે.

બાળકોમાં વધારે પડતુ લોહી વહીજવાથી નાડીના ધબકારા વધીજાય છે. અને બ્લડ પ્રેસર ઓછુ થઇ જાય છે. સામાન્ય રીતે મગજની ઈજામાં દર્દીના બેભાન અવસ્થા સાથે નાડીના ધબકારા ઘટી જાય (Bradycardia) છે. બ્લડ પ્રેસર વધી જાય છે. અને શ્વાસો શ્વાસની ક્રિયા અનીયમીત બની જાય છે. પરંતુ જ્યારે મગજની ઈજા વાળા દર્દી લો બ્લડ પ્રેસર સાથે આવે ત્યારે છાતીના અંગોનીકે હાથ પગના હાડકાની ઈજાઓની શક્યતા રહેલી છે. મગજના હેમરેજ માટે ઓપરેશન કરતા પહેલા તેની યોગ્ય તપાસ અને સારવાર જરૂરી છે.

**● તપાસ (ઇન્વેસ્ટીગેશન )**

**એક્સ - રે**(X-Ray) :- એક્સ રે માં ખોપરીના ફેક્ચર વિશે ખ્યાલ આવી શકે છે. મોર્ડન યુગમાં એક્સ રે નો મગજની ઈજાના સારવારમાં કોઇ જ ફાળો રહ્યો નથી. આથી હાલમાં એક્સ રે તપાસ કરવામાં આવતી નથી.

**● સીટી સ્કેન** (CT Scan):-

સીટી સ્કેન માંથાની ઈજાના તપાસ માટે સિંહ ફાળો છે.

એકસટ્રાડ્યુરલ હેમરેજ સીટીસ્કેનમાં ૮૦% કેશમા બાયકોનવેક્સ લેન્સ જેવ દેખાય છે. ૫% કેશમાં ચંદ્ર જેવો ગોળાઇ વાળુ દેખાઇ છે. અને ૧૫% કેરમાં તે સબડ્યુરલ હેમરેજ સાથે ભળેલ હોય છે. હેમરેજ જનરલ મગજની બીજી તરફ ક્રોસ થાય છે. પરંતુ ખોપરીના સુચર ક્રોસ નથી કરતુ હોતુ અને તેની ઘટતા (Density) એક સરખી હોય છે. અને આસ-પાસના મગજને દબાણ કરે છે. તથા મગજના પાણીના રસ્તાને બ્લોક કરે છે અને મગજને ખસેડે (Midline Shilt)છે. યોગ્ય સમયે અને વ્યવસ્થીત સારવાર થતા આવા કેશમાં મરણનુ પ્રમાણ માત્ર ૫-૧૦% હોય છે.

પાના નંબર - ૩ ઉપર


Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.122015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ______________________





જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**

**ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

● અદ્યતન નર્સિંગ સ્કુલ ●
● અદ્યતન હોસ્ટેલ સુવિધા ●
● અદ્યતન હોસ્પિટલ ●
● બી.એસ.સી. નર્સિંગ સ્ટાફ દ્વારા શિક્ષણ ●

**સદર કોર્ષમાં પ્રવેશ સંબંધિત જરૂરી માહિતી માગદર્શન માટે સંપર્ક કરો**

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ

**એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫**
**મો.૯૯૭૪૬ ૫૪૦૧૭**